ગાંધીનગર સમાચાર

# ગ્રીસમાં કટોકટી : ૬ જુલાઈ સુધી બેંકો બંધ

એથેન્સ,તા. ૨૯

ગ્રીસમાં કટોકટી આજે વધુ ગંભીર બની ગઈ હતી, જેથી ગ્રીસમાં આજે બ્લેક મન્ડેની સ્થિતિ જોવા મળી હતી. ગૃહિણીઓ, દુકાનદારો, બિઝનેસમેન, સામાન્ય લોકોમાં ભારે અફડાતફડી રહી હતી. પાટનગર એથેન્સ સહિતના વિસ્તારોમાં એટીએમ મશીનો ખાલીખમ થઈ ગયા હતા. લોકોની લાંબી લાઈનો એટીએમ ઉપર લાગી હતી, પરંતુ સફળતા મળી રહી નહતી. મૂડી નિયંત્રણો માટેના આદેશો સરકાર દ્વારા જારી કરવામાં આવ્યા છે. બેંકોને બંધ કરવાના આદેશો પણ કરાયા છે. ગ્રીસ અને ઈન્ટરનેશન ક્રેડિટર્સ ડેબ્ટ પેમેન્ટના મામલે સમજુતી ઉપર પહોંચવામાં નિષ્ફળ રહેતા યુરો ઝોનમાંથી ગ્રીસની બાદબાકીની દહેશત ઉભી થઈ ગઈ છે. આના પરિણામ સ્વરૂપે જ વૈશ્વિક બજારમાં આજે આંચકાઓ જોવા મળ્યા હતા. ગ્રીસ સરકારે આજે એવા અહેવાલને સમર્થન આપ્યું હતું કે, બેંકોને આ સપ્તાહ સુધી બંધ રાખવાનો નિર્ણય



લેવાયો છે. ઈમરજન્સી ફંડીગને નહીં લંબાવવાનો યુરોપિયન સેન્ટ્રલ બેંકે (ઈસીબી)એ નિર્ણય કર્યા બાદ કટોકટી વધુ ગંભીર બની હતી. આજે ગ્રીક બેંકોને છઠ્ઠી જુલાઈ સુધી બંધ રાખવાનો આદેશ જારી કરી દેવાયો હતો. સાથે સાથે આ ગાળા સુધી એટીએમ ઉપાડ મર્યાદાને એક દિવસમાં ૬૦ યુરો અથવા તો ૬૫ ડોલર કરવામાં આવતા ચિંતાનુ મોજુ ફરી વળ્યું હતું. આજે સત્તાવાર આદેશ જારી કરીને આ મુજબની માહિતી આપવામાં આવી હતી. સત્તાવાર સરકારી ગેજેટમાં કહેવામાં આવ્યું છે કે પ્રવર્તમાન સ્થિતીને ધ્યાનમાં લઈને મુડી નિયંત્રણ લાગુ કરવામાં આવ્યા છે. બેંક હવે મંગળવારે સાતમી જુલાઈના દિવસે જ ખોલવામાં આવનાર છે. ગ્રીસમાં નાણાંકીય વ્યવસ્થાને બચાવી લેવા માટે આ આદેશ જારી કરવામાં આવ્યા છે. આ સપ્તાહમાં ગ્રીસમાં મોટાપાયે નાણાં લોકોએ ઉપાડી લીધા છે. જેના લીધે ઘણા એટીએમ ખાલી થઈ ગયા છે. હવે એટીએમ પણ ખાલી દેખાઈ રહ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે બેંક લેવડદેવડ નિયંત્રણમાંથી પેન્શન પેમેન્ટને મુક્તિ આપવામાં આવી છે. બેંક ખાતામાં પગાર ચુકવણીને લઈને કોઈ તકલીફ આવી રહી નથી. ગ્રીસ દ્વારા સંભવિત ડિફોલ્ટની શક્યતાને ધ્યાનમાં લઈને સામૂહિક દહેશત ફેલાઈ ગઈ છે. ગ્રીસમાં આજે બ્લેક મન્ડેની સ્થિતિ જોવા મળી હતી. ૨૮મી જુનથી છઠ્ઠી જુલાઈ વચ્ચેના ગાળામાં નાણાંકીય સંસ્થાઓ બંધ રહેશે. આના ઉપર ગ્રીસના પ્રમુખ અને વડાપ્રધાન હસ્તાક્ષર કરી ચુક્યા છે. ગ્રીસની અંદર ઈન્ટરનેટ બેંકીંગ લેવડ-દેવડ સામાન્યરીતે ચાલું રહેશે. દુકાનોમાં કાર્ડ પેમેન્ટ પણ ચાલુ રહેશે પરંતુ વિદેશમાં ટ્રાન્સફર માટે નાણાં મંત્રાલય કમિશન પાસેથી મંજુરી લેવી પડશે. અગાઉ એથેન્સે ગ્રીસમાં હાલમાં રહેલા પ્રવાસીઓ પાસેથી એવી ખાતરી મેળવી હતી કે, વિદેશી દેશમાં જારી કરવામાં આવેલા ક્રેડિટ કાર્ડને એટીએમ વિડ્રોઅલ ઉપર મર્યાદા સાથે કોઈ લેવા દેવા નથી. બેંકીંગ વ્યવસ્થાને બચાવી લેવાના હેતુસર હાલમાં આ પગલા લેવાયા છે.

**મોદી સરકાર પરિસ્થિતિને લઈ સાવધાન થઈ**

## મૂડીપ્રવાહ ઉપર માઠી અસર ગ્રીસ કટોકટીની થઈ શકે છે

ગ્રીસ કટોકટીની માઠી અસર થઈ શકે છે, તેવી ચિંતા વ્યક્ત કરતાં નાણાં સચિવ રાજીવ મહેશ્રીએ આજે કહ્યું હતું કે, સરકાર રિઝર્વ બેંક સાથે સંપર્કમાં છે.

રિઝર્વ બેંક આ મુદ્દાને હાથ ધરવા તમામ જરૂરી પગલા લઈ રહી છે. તેમણે ઉમેર્યું હતું કે, દેખિતી રીતે અમે આરબીઆઈના સંપર્કમાં છીએ. પરંતુ આરબીઆઈના લોકો તેમને કયા પગલા લેવા જોઈએ તે દીશામાં પગલા લેવાઈ રહ્યા છે. ગ્રીસમાં ઉભી થયેલી અનિશ્ચિતતાના માહોલ વચ્ચે તેમણે આ મુજબની વાત કરી હતી. સેંસેક્સમાં ૫૦૦થી પણ વધુ પોઈન્ટનો ઘટાડો બોલી ગયા બાદ સરકાર પણ હચમચી ઉઠી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ગ્રીસની પરિસ્થિતિની કોઈ ભારત પર અસર થઈ નથી. પરંતુ પરોક્ષરીતે મૂડીપ્રવાહ ઉપર વાયા યુરોપ તેની અસર થઈ શકે છે. તેમણે એમપણ કહ્યું હતું કે, યુરોપમાં વ્યાજદર વધુ ઊંચા રહી શકે છે. જો યુરોપમાં વ્યાજદર ઊંચા રહેશે તો ભારતમાંથી લોકો મૂડીપ્રવાહને પરત ખેંચી લેશે.

પરિસ્થિતિ ખૂબ જ ડાયનેમિક હોવાની વાત કરતા તેમણે કહ્યું હતું કે, યુરોપિયન કરન્સી યુરો ઉપર તેના પરિણામની દષ્ટિએ ભારત ઉપર અસર થઈ શકે છે. યુરો ઉપર અસરની મર્યાદા અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, ભારતમાંથી લોકો નાણા પરત ખેંચી શકે છે. પરિસ્થિતિ હવે કઈ દિશામાં આગળ વધશે તે અંગે વાત કરવી સરળ નથી.

## આઇપીએલ-૬ : આરોપો ઘડવા અંગે ચુકાદો મોકુફ

નવીદિલ્હી,તા. ૨૯

દિલ્હીની કોર્ટ સમગ્ર દેશને હચમચાવી મુકનાર આઈપીએલ-૬ સ્પોટ ફિક્સિંગ કેસમાં આરોપો ઘડવા અંગે તેનો ચુકાદો આજે ૨૫મી જુલાઈ સુધી મોકુફ કરી દીધો હતો. કેસમાં આરોપી પૈકીના એક અને સસ્પેન્ડેડ ખેલાડી એસ. શ્રીસંતે કહ્યું હતું કે કોર્ટે ચુકાદો મોકુફ રાખ્યો છે. ભારતીય ન્યાયતંત્રમાં સંપૂર્ણ વિશ્વાસ હોવાની વાત પણ શ્રીસંતે કરી છે. આજના ચુકાદાને લઈને પહેલાથી જ ભારે ઉત્તેજના હતી. આઈપીએલ-૬ સ્પોટ ફિક્સિંગ કેસમાં સસ્પેન્ડ કરવામાં આવેલા ક્રિકેટર એસ. શ્રીસંથ, અજિત ચંડીલા, અંકિત ચોહાણ અને અન્યો આરોપી તરીકે છે.ઉપરાંત અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમ અને તેના સાગરીત છોટા શકીલ પણ આરોપી તરીકે છે. એડિશનલ સેસન જજ નીના બંસલ કૃષ્ણાએ ૨૩મી મેના દિવસે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. કેસમાં એ દિવસે આરોપો ઘડવા અંગે ચુકાદો જાહેર કરવામાં આવ્યો ન હતો. જો કોઈ પણ પ્રકારની દલીલ છે તો તે દલીલો લેખિતમાં છઠ્ઠી જુન સુધી કરવા માટે આરોપીઓના વકીલોને સુચના આપવામાં આવી હતી. દિલ્હી પોલીસના ખાસ સેલે તેની ચાર્જશીટમાં આ કેસમાં ૪૨ આરોપી લોકોના નામનો ઉલ્લેખ કર્યો હતો. જે પૈકી છ આરોપી ફરાર છે. આ કેસમાં પોલીસ દ્વારા ઉંડી તપાસ કરવામાં આવી હતી. જેમાં મેચ ફિકસિંગને લઈને તપાસ કરવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી વિગત સપાટી પર આવી હતી. આરોપી દ્વારા કોઈ મેચ ફિક્સ્ડ કરવામાં આવી હોવાના પુરાવા મળતા નથી તેવી વતા શરૂઆતમાં કરવામાં આવી હતી. કેસમાં આરોપો ઘડવાની દલીલો વેળા આરોપીઓ વચ્ચે ફોન પર થયેલી વાતચીતનો ઉલ્લેખ કર્યો હતો.મેચ ફિકસિંગ અને સટ્ટામાં તેમની સંડોવણી હોવાની વાતને સમર્થન આપવામાં આવ્યું હતુ. જો કે આરોપી તરફથી કેસ લડી રહેલા વકીલોએ પોલીસની રજૂઆત સામે વળતા દાવા કર્યા હતા. સાથે સાથે કહ્યું હતું કે તપાસમાં એવી કોઈ બાબત નક્કી થતી નથી કે તેમના અસીલોએ કોઈ ગુનો આચર્યો છે. કોર્ટે અગાઉ ભાગેડુ આરોપી તરીકે દાઉદ અને શકીલને જાહેર કર્યા હતા.

# ઝિમ્બાબ્વે સામે શ્રેણી માટે ટીમ જાહેર : ધોની, કોહલીને આરામ

નવી દિલ્હી,તા. ૨૯

ઝિમ્બાબ્વે સામે રમાનારી ત્રણ વનડે મેચો અને બે ટ્વેન્ટી-૨૦ મેચ માટે આજે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી હતી. રાષ્ટ્રીય પસંદગીકારોએ અપેક્ષા મુજબ જ એમએસ ધોની, વિરાટ કોહલી, રવિચંદ્રન અશ્વિનને આરામ આપવાનો નિર્ણય કર્યો હતો. જ્યારે શિખર ધવન, સુરેશ રૈના અને રોહિત શર્મા જેવા રેગ્યુલર ખેલાડીઓને પણ આરામ આપવામાં આવ્યો છે. તમામ સ્ટાર ખેલાડીઓને આરામ આપવામાં આવ્યા બાદ અજંક્યે રહાણેની ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન તરીકે પસંદગી કરાઈ છે. પીઢ સ્પિનર હરભજનસિંહની વન-ડે ક્રિકેટમાં વાપસી થઈ છે. આ ઉપરાંત મુરલી વિજય, મનીષ તિવારી, રોબિન ઉથપ્પા, કેદાર જાદવની પણ ટીમમાં વાપસી થઈ છે. યુવા ખેલાડી સંદીપ શર્માની પણ પ્રથમ વખત પસંદગી કરાઈ છે. પોતાની પ્રથમ સીરિઝમાં જ સંદીપ શર્મા શાનદાર દેખાવ કરવા માટે ઉત્સુક દેખાઈ રહ્યો



છે. જ્યારે કંગાળ દેખાવ કર્યા બાદ રવિન્દ્ર જાડેજાને પડતો મુકી દેવામાં આવ્યો છે. ઉમેશ યાદવને પણ પડતો મુકવામાં આવ્યો છે. તે ઈન્ડિયા-એની ટીમમાં સામેલ કરવામાં આવશે. ચેતેશ્વર પુજારા પણ એ-ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ચેતેશ્વર પુજારા ભારતની એ-ટીમનું નેતૃત્વ કરશે. ધરખમ ફેરફાર આજે કરવામાં આવ્યા છે. ભારતની એ સાઈડની ટીમના કોચ તરીકે પ્રથમ વખત રાહુલ દ્રવીડને મુખ્યરીતે જવાબદારી સોંપાઈ છે. ધવલ કુલકર્ણી, સ્ટુઅર્ટ બિન્ની, ભુવનેશ્વર કુમાર, મોહિત શર્માને જાળવી રાખવામાં આવ્યા છે. સંદીપ શર્મા ટીમમાં સામેલ થયો છે. સંદીપનો દેખાવ સ્થાનિક વન-ડે અને આઈપીએલમાં શાનદાર રહ્યો છે. ૧૫.૫૨ રનની સરેરાશ સાથે વિજય હજારે મેચોમાં સંદીપે ૧૭ વિકેટ ઝડપી છે. તે કિંગ્સ ઈલેવન પંજાબ તરફથી આઈપીએલમાં રમ્યો હતો અને બીજો સૌથી વિકેટ લેનાર બોલર તરીકે રહ્યો હતો. શ્રેષ્ઠ ટીમની પસંદગી કરવામાં આવી હોવાનો દાવો પસંદગીકારો દ્વારા કરાયો છે. ટીમ નીચે મુજબ છે.

વન-ડે ટીમ : રહાણે (કેપ્ટન), મુરલી વિજય, રાયડુ, તિવારી, કેદાર જાદવ, રોબિન ઉથપ્પા, મનીષ પાંડે, હરભજનસિંહ, અક્ષર પટેલ, કરણ શર્મા, ધવલ કુલકર્ણી, સ્ટુઅર્ટ બિન્ની, ભુવનેશ્વર કુમાર, મોહિત શર્મા, સંદીપ શર્મા.

ભારત એ-ટીમ : રાહુલ, અભિનવ મુકુંદ, ચેતેશ્વર પુજારા (કેપ્ટન), કરુણ નાયર, શ્રેયસ અયૈર, નમન ઓઝા, વિજય શંકર, અમિત મિશ્રા, પ્રજ્ઞાન ઓઝા, શરદ ઠાકુર, વરુણ અરોન, અભિમન્યુ મિથુન, ઉમેશ યાદવ, શ્રેયસ ગોપાલ, બી અપરાજિત.

## ૪ વર્ષ બાદ વન-ડે ટીમમાં હરભજનસિંહની વાપસી

નવીદિલ્હી, તા. ૨૯

પીઢ સ્પિનર હરભજનસિંહની ઝિમ્બાબ્વે સામેના પ્રવાસમાં ટીમમાં વાપસી થઈ છે. લાંબાગાળા બાદ હરભજનસિંહને વનડે ટીમમાં વાપસી થઈ છે.કેટલાક સ્ટાર ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો છે. જે ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો છે તેમાં સ્ટાર ખેલાડીઓ સામેલ છે. વિરાટ કોહલી, મહેન્દ્રસિંહ ધોની, આર અશ્વીન, શિખર ધવન, રવિન્દ્ર જાડેજા, વિરાટકોહલી, સુરેશ રૈના, રોહિત શર્મા, ઉમેશ યાદવનો ટીમમાં સમાવેશ કરાયો નથી. પરંતુ હરભજનસિંહનો સમાવેશ આશ્ચર્ય જગાવે તેવો છે. વનડે




સેટઅપમાં તેની વાપસી થઈ છે. હરભજન છેલ્લા ૧૧મી જુન ૨૦૧૧ના દિવસે વિન્ડીઝ સામે ભારત તરફથી રમ્યો હતો. આઈપીએલ-૧૫માં તેનો દેખાવ સારો રહ્યો હતો. બાંગ્લાદેશ સામેની ટેસ્ટ મેચમાં પણ તેનો દેખાવ સારો રહ્યો હતો. સર્વશ્રેષ્ઠ દેખાવ નહીં કર્યો હોવા છતાં બાંગ્લાદેશ સામેની ટેસ્ટમાં ૩૪ વર્ષીય હરભજને ત્રણ વિકેટ ઝડપી હતી. હરભજનસિંહ પોતાના કેરીયરની છેલ્લી ટેસ્ટ અગાઉ બીજી માર્ચ ૨૦૧૩ના દિવસે રમી હતી. ભજ્જીની વાપસી અંગે પૂછવામાં આવતા મુખ્ય પસંદગીકાર સંદીપ પાટિલે કહ્યું હતું કે, લાંબાગાળાના આધાર ઉપર અમે કોઈ વાત કરી શકવાની સ્થિતિમાં નથી. પરંતુ છેલ્લી સિરીઝમાં હરભજનના દેખાવની નોંધ લેવાઈ હતી. જેથી તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે એમપણ કહ્યું હતું કે, પસંદગીકારોનું કામ સર્વશ્રેષ્ઠ ટીમની પસંદગી કરવાનું રહે છે. હરભજનસિંહ છેલ્લા ઘણા સમયથી સર્વશ્રેષ્ઠ દેખાવ કરી રહ્યો હતો. વિરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર, યુવરાજસિંહ, ઝહીર ખાન જેવા સ્ટાર ખેલાડીઓની કેરીયર ઉપર હાલ માટે પૂર્ણ વિરામ મુકાયો છે પરંતુ ભજ્જી હજુ પણ રમી રહ્યો છે.

**સરકારી સંપત્તિને લક્ઝરી હોટલમાં ફેરવી દેવાઈ**

# રાજે-લલિત મોદીએ સરકારી સંપત્તિને અંગતમાં ફેરવી દીધી

નવી દિલ્હી,તા. ૨૯

શાસક ભાજપ ઉપર પ્રહારોને વધુ તીવ્ર બનાવીને કોંગ્રેસે આજે આક્ષેપ કર્યો હતો કે, રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે અને આઈપીએલના પૂર્વ ચેરમેન લલીત મોદીએ સરકારી સંપત્તિને પર્સનલ સંપત્તિમાં ફેરવી નાંખીશું. કોંગ્રેસે ગંભીર આક્ષેપ કરતા કહ્યું છે કે, ધોલપુર પેલેસ જે એક સરકારી સંપત્તિ છે તેને હવે લકઝરી હોટલમાં ફેરવી દેવામાં આવી છે. કોંગ્રેસે કહ્યું છે કે, તેઓએ તેમના દાવાના ટેકો આપે તેવા દસ્તાવેજો પણ બનાવી દીધા છે. પત્રકાર પરિષદમાં કોંગ્રેસના વરિષ્ઠ નેતા જયરામ રમેશે કહ્યું હતું કે, પહેલીવાત એ છે કે, ફરાર લલિત મોદી અને વસુંધરા રાજે બિઝનેસ પાર્ટનર છે. બીજી બાબત એ પૂરવાર થઈ છે કે, લલિત મોદીને દુષ્યતસિંહની કંપનીમાં રોકાણ અને મોરેસિયસમાંથી ૨૧ કરોડ રૂપિયા મળ્યા હતા. ત્રીજી વાત એ છે કે, વસુંધરા રાજેએ લલિત મોદીની મદદ કરવા બ્રિટીશ સત્તાવાળાઓ માટે ૭



પેજના દસ્તાવેજ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. કુલ ત્રણ ખોટી બાબતો જોડવામાં આવી હતી અને ભાજપ દ્વારા ત્રણ ગુનાઓને છુપાવવામાં આવ્યા છે. આજે અમે ચોથી વાસ્તવિક્તા પણ જાહેર કરી રહ્યા છીએ. આજે અમે એવા દસ્તાવેજ પણ આપવા જઈ રહ્યા છે જેમાં જાણવા મળી રહ્યું છે કે, લલિત મોદી અને વસુંધરા રાજેએ સરકારી સંપત્તિને પર્સનલ સંપત્તિમાં ફેરવી નાખી હતી. ૧૯૫૪માં ધોલપુર રિયાસત સ્વતંત્ર ભારતમાં યુનિયન સાથે મર્જ થઈ ગઈ હતી. વર્ષ ૧૯૭૭માં ધોલપુર રાજમહેલને સરકારી સંપત્તિમાં ફેરવી નાંખવાનો નિર્ણય કરાયો હતો. ધોલપુર મહેલ સરકારની સંપત્તિ હોવા છતાં રાજે અને લલિત મોદીએ હાઈએન્ડ પ્રાઈવેટ લક્ઝરી હોટલમાં આ સંપત્તિને ફેરવી નાંખી હતી. રમેશે આક્ષેપ કર્યો હતો કે રાજેના પતિએ ૧૯૮૦માં આ વાત કબુલી હતી. રાજે અને લલિત મોદી વચ્ચે નાણાંકીય સંબંધો ખૂબ જુના છે. બીજીબાજુ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજ, વસુંધરા રાજેનો બચાવ ભાજપ દ્વારા કરાઈ રહ્યો છે. વસુંધરા ઉપર કોંગ્રેસે દબાણ વધુ તીવ્ર બનાવી દીધું છે.

## બિહાર ચૂંટણીને લઈ ભાજપે તાકાત લગાવી દીધી : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૯

બિહારમાં વિધાનસભાની ચૂંટણી માટે રણશિંગુ ફુંકાય તે પહેલા તમામ પક્ષો પોત પોતાની રણનિતીમાં લાગી ગયા છે. ભાજપ આ વખતે બિહારમાં બહુમતિ સાથે જીત મેળવી લેવા તૈયાર છે. આના માટે નિતી તૈયાર કરવામાં આવી છે. નજતા પરિવાર સામે ટક્કર લેવા માટે તે તૈયા છે. આગામી દિવસોમાં ભાજપ આ તમામ રાજ્યોમાં વધારે તાકાત લગાવે તેવી શક્યતા છે. બિહારમાં પાર્ટી સંગઠન ધરાવે છે પરંતુ હવે વધારે ધ્યાન આપવાની જરૂર છે. બિહારમાં થોડાક સમયમાં વિધાનસભાની ચૂંટણી પણ યોજનાર છે. સંઘ ઈચ્છે છે કે ભાજપની સ્થિતીને બિહારમાં ઝડપથી વધારે મજબુત કરવાની જરૂર છે. સંઘના હોદ્દેદારો માને છે કે દિલ્હીની જેમ વધારે પડતા આત્મવિશ્વાસમાં રહેવાની જરૂર નથી. કેટલાક વધુ રાજ્યોમાં પક્ષની સ્થિતીને મજબુત કરવાનો આ સમય છે. મિડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે હાલમાં બેઠકોનો દોર ચાલી રહ્યો છે. સંઘના લોકો ભાજપને પૂર્ણ મદદ કરવાની તૈયારી કરી ચુક્યા છે. જમીન બિલ પર સંઘના લોકો અભિયાન ચલાવશે અને તેની વિશેષતા અંગે લોકોને માહિતી આપશે. આના માટે તે પોતાના વિશાળ નેટવર્કનો ઉપયોગ કરશે. સંઘ તરફથી ખાતરી આપવામાં આવી છે કે તે લોકોને જમીન અધિગ્રહણ બિલની ખાસ બાબત અંગે માહિતી આપવા અભિયાન ચલાવશે.

સાથે સાથે યોગ દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો દરજ્જો મળી ગયા બાદ સંઘ અને ભાજપના લોકો યોગ દિવસની સફળતાના મુદ્દાને પણ લોકો સમક્ષ રજૂ કરવા ઈચ્છે છે. ભાજપે બિહારમાં વિધાનસભાની ચૂંટણી માટે કોઈ નેતાને પ્રોજેક્ટ કર્યા નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નામન પર જ ભાજપ મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. ચૂંટણી કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યા બાદ રાજકીય ગરમી વધે તેવી શક્યતા છે. હાલમાં શક્તિ પ્રદર્શનના દોર ચાલી રહ્યા છે.

# તિહાર જેલમાં સુરંગ ખોદી બે પલાયન : એક ઝડપાયો

નવી દિલ્હી,તા. ૨૯

દિલ્હીમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા ધરાવતી તિહાર જેલમાં સુરક્ષામાં ગાબડાની બાબત આજે સપાટી પર આવી હતી. જેલમાં સુરંગ ખોદીને બે કેદીઓ ફરાર થઈ જવામાં સફળ થઈ ગયા હતા. એક અપરાધી ફૈઝાનને ફરી પકડી લેવામાં આવ્યો છે. જ્યારે જાવેદ હજુ ફરાર છે. દિલ્હીના ગૃહમંત્રી સત્યેન્દ્ર જૈને માહિતી આપતા કહ્યું છે કે, તપાસનો આદેશ કરી દેવાયો છે. કેટલાક અધિકારીઓની તાત્કાલિક ધોરણે બદલી પણ કરાઈ છે. જ્યારે ગૃહ મંત્રાલય દ્વારા તિહાડ જેલ સત્તાવાળાઓ પાસેથી અહેવાલની માંગ કરવામાં આવી છે. દિલ્હીના લેફટી ગવર્નર નજીબજંગે મેજિસ્ટેરીયલ તપાસનો આદેશ આપી દીધો છે. આ મામલામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અંકુર ગર્ગ તપાસ કરશે અને એક સપ્તાહની અંદર અહેવાલ સોંપશે. બે અપરાધીઓ જેલમાં સુરંગ ખોદવામાં સફળ રહ્યા હતા. જેલના સંકુલની સરહદ સુધી આ લોકોએ સુરંગ ખોદી નાંખી હતી. રવિવારે રાત્રે સમગ્ર મામલાની જાણ થઈ હતી. કારણકે, તેઓ તેમના રોલ કોલ ઉપર કોઈ જવાબ આપી રહ્યા નહતા. ત્યારબાદ તરત જ એલર્ટની જાહેરાત કરાઈ હતી અને શોધખોળ હાથ ધરાઈ હતી. જેના લીધે સુરંગ મળી આવી હતી. ૨૭મી જુનની સાંજે વોર્ડ નંબર-૪માંથી બે કેદીઓ લાપતા હતા. ડીઆઈજી તિહાર જેલ મુકેશ પ્રસાદે માહિતી આપતા કહ્યું હતું કે, એક કેદીને પકડી લેવામાં આવ્યો છે, જ્યારે અન્ય એક કેદી ફરાર છે. બીજીબાજુ તિહાર જેલના પૂર્વ ઈન્સપેક્ટર જનરલ કીરણ બેદીએ ટ્વીટર ઉપર ટ્વીટ કરીને કહ્યું છે કે તિહાર જેલમાંથી કેદીઓ ભાગી જાય તે બાબત ચોક્કસપણે વહિવટીતંત્રની ખામી દર્શાવે છે. દિલ્હીની તિહાર જેલને સૌથી સુરક્ષિત જેલ તરીકે ગણવામાં આવે છે. આ જેલમાં અનેક ખુંખાર કેદીઓ રહે છે. આ જેલમાં ત્રિસ્તરીય સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ બે કેદી જેલમાં સુરંગ ખોદીને ફરાર થઈ ગયા હતા. જેલ નંબર સાતમાં મકાનમાંથી દિવાલ કુદીને આ લોકોએ સુરંગ ખોદી નાંખી હતી. સુરંગ ખોદીને કેદી ફરાર થઈ જાય તે બાબતને લઈને સુરક્ષા વ્યવસ્થા પર પણ પ્રશ્નો ઉભા થયા છે. કેટલાક પોલીસ અધિકારીઓ પર પણ તવાઈ આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. બીજી બાજુ જેલમાં હવે ઉંડી તપાસ ચાલી રહીછે. અન્ય કોઈ કેદીઓ આમાં મદદરૂપ હતા કે કેમ તેને લઈને પણ તપાસ ચાલી રહી છે. તિહાર જેલમાં સૌથી મજબુત સુરક્ષા હોવાનો દાવો વારંવાર કરવામાં આવે છે. અહીં જુદા ગુનાના અનેક ખુંખાર ગુનેગારો રહે છે. જેથી સુરક્ષા સામે પ્રશ્ન ઉભા થયા છે.જેલમાં મોટી સંખ્યામાં કેદીઓ છે.

# લાલુ યાદવ દુર્યોધન અને કંસની જેમ : પપ્પુ યાદવ

પટણા,તા. ૨૯

હકાલપટ્ટી કરવામાં આવેલા આરજેડીના નેતા રાજેશ રંજન ઉર્ફે પપ્પુ યાદવે તેમને મિરઝાફર અને જયચંદ ગણાવવા બદલ લાલુ પ્રસાદ યાદવની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે તેમના પૂર્વ ગુરુ લાલુ યાદવ દુર્યોધન અને કંસની જેમ કામ કરી રહ્યા છે. લાલુ યાદવ યાદવ જાતિ માટે દુર્યોધન અને કંસ તરીકે સાબિત થઈ શકે છે.આરજેડીમાંથી તેમની હકાલપટ્ટી કરવામાં આવ્યા બાદ નવી જનઅધિકાર પાર્ટી બનાવનાર પપ્પુ યાદવે લાલુ યાદવની ટિપ્પણી અંગે આ મુજબની વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, લાલુ યાદવ તેમની પોતાની જાતિ યાદવ અને લઘુમતી મુસ્લિમો માટે દુર્યોધન અને કંસ તરીકે કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, ભગવાન કૃષ્ણના એક ભક્ત તરીકે તેઓ દુર્યોધન અને કંસ સામે તેઓ લડત ચલાવવા માંગે છે. માધેપુરાના સાંસદે લાલુ યાદવની જોરદાર ઝાટકણી કાઢી હતી. જેએપીના નેતાએ લાલુ યાદવ ઉપર તેમની પોતાની જાતિ સામે કામ કરવા અને તેમના પરિવારને પ્રોત્સાહન આપવાની વાત કરીહતી. તેમણે એમપણ કહ્યું હતું કે, પરિવારના હિતોને ધ્યાનમાં લઈને લાલુ યાદવ અન્યોને ફેંકી રહ્યા છે. તેઓએ રામ કૃપાલ યાદવ, રંજન યાદવ, નવલ કિશોર યાદવ, અવધબિહારી ચૌધરીને પણ પાર્ટીમાંથી કાઢી મુક્યા છે.લાલુ યાદવ રાજકીયરીતે નિરક્ષર તરીકે છે.

**૧૫ મિનિટમાં ટુ વ્હીલર લોન**

## એચડીએફસીની હવે મિનિટમાં ઓટો લોન

મુંબઈ,તા. ૨૯

દેશની બીજી સૌથી મોટી ખાનગી સેકટરની બેંક એચડીએફસી બેંકે કસ્ટમરોને આકર્ષિત કરવા માટે આજે ૩૦ મિનિટમાં ઓટો અને ૧૫ મિનિટમાં ટુ વ્હીલરની લોન સ્કીમ શરૂ કરી હતી. જેના માટે કસ્ટમરોને હવે તેમની બાયોમેટ્રિક વિગતો જ ઉપલબ્ધ કરાવવી પડશે. ૩૦ મિનિટની ઓટો લોન એચડીએફસી બેંકના કસ્ટમરો અને અન્યો માટે ઉપલબ્ધ રહેશે. જ્યારે ટુ વ્હીલરની લોન ૧૫ મિનિટમાં મંજુર કરવામાં આવશે. કોઈપણ વ્યક્તિ જે લોન લેવા ઈચ્છુક છે તે ઓટો ડિલર્સનો સંપર્ક કરી શકે છે. આધારકાર્ડના નંબર અને ફિંગર પ્રિન્ટ આપવા પડશે. જો પ્રોફાઈલ યોગ્ય રહેશે તો લોન વહેલી તકે મંજુર થશે. નવી એચડીએફસી બેંકની ડિઝીટલ બેંકિંગની આ પહેલ છે.

# શિશુ મોત દર ઘટાડી દેવાના ટાર્ગેટ સુધી નહીં જ પહોંચાય

નવીદિલ્હી, તા. ૨૯

વર્તમાન ધીમી ગતિતી જો ભારત આગળ વધશે તો વર્ષ ૨૦૧૫ના નવજાત શિશુ મોતના દરને ઘટાડી દેવાના તેના ટાર્ગેટ સુધી પહોંચી શકાશે નહી. યનિસેફના એક વરિષ્ઠ અધિકારીએ હલમાં આ વાત કરી હતી. અધિકારીએ કહ્યું છે કે વર્ષ ૨૦૧૫ સુધી પ્રતિ ૧૦૦૦ જન્મની સામે મોતના દરને ૩૯થી પણ નીચે લઈ જવા માટે ટાર્ગેટ ભારત ધરાવે છે. સેમ્પલ રજિસ્ટ્રેશન સિસ્ટમ (એસઆરએસ) મુજબ ભારતમાં વર્તમાન શિશુ મોતનો દર પ્રતિ ૧૦૦૦ જન્મ સામે ૪૦નો છે. આનો મતલબ એ થયો કે જે ૧૦૦૦ શિશુના જન્મ થાય છે તે પૈકી ૪૦ના મોત થઈ જાય છે. જ્યારે પાંચ વર્ષથી નીચે મોતનો દર ૧૦૦૦ જન્મ સામે ૫૨ છે. વર્તમાન ઘટાડીની દરથી આગળ વધવામાં આવે તો વર્ષ ૨૦૧૫ના અંત સુધી બારત પ્રતિ ૧૦૦૦ જન્મ સામે ૩૯થી નીચે તેના ટાર્ગેટને લાવવામાં સફળ રહેશે નહી. યુનિસેફના હેલ્થ સ્પેશિયાલિસ્ટ ગગન ગુપ્તાએ આ મુજબની વાત કરી છે. ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નવજાત શિશુના મોતના દરને ઘટાડી દેવામાં ઉલ્લેખનીય સફળતા મળી છે પરંતુ તેમાં હજુ ઘટાડો કરવાની જરૂર દેખાઈ રહી છે. વૈશ્વિક પતનની સ્થિતી વચ્ચે પગલા લેવામાં આવી રહ્યા છે. વૈશ્વિકરીતે પાંચ વર્ષતચી નીચે મોતના દરને ઘટાડી દેવામાં સફળતા મળી છે. આ દર વર્ષ ૧૯૯૦માં ૧૦૦૦ જન્મ સામે ૯૦ હતો. જે હવે વર્ષ ૨૦૧૩માં ૧૦૦૦ જન્મ સામે ૪૬ હતો. એટવલે કે તેમાં ૪૯ ટકા સુધીનો ઘટાડો થયો છે. જ્યારે ભારતમાં વર્ષ ૧૯૯૦માં આ આંકડો ૧૨૬ હતો જે વર્ષ ૨૦૧૨માં ૫૨ થયો છે.